મત્સ્યદ્યોગ પ્રભાગ હેઠળ વર્ષ ૨૦૨૬-૨૭ માં "આંતરદેશીય મત્સ્યદ્યોગ કેજમાં વપરાતી જાળ ઉપર સહાય" માટેની નવી બાબત અંગેની યોજનાકીય શરતો અને બોલીઓ બાબત.

ગુજરાત સરકાર

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક: **ACD/BUM/e-file/2/2026/0040/T**

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:-

(૧) મત્સ્યોધોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: COF/0107/12/2025, તા.૦૧/૦૧/૨૦૨૬

(૨) મત્સ્યોધોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: COF/0045/03/2026, તા.૦૯/૦૩/૨૦૨૬

પ્રસ્તાવના:-

ગુજરાત રાજ્યમાં આવેલ મોટા જળશયોમાં મત્સ્યબીજ ઉત્પાદન અને આંતરદેશીય મત્સ્યોધોગના સાધનો વધારવાની યોજના હેઠળ ૧૦૦૦ હે. થી ઉપરના જળવિસ્તાર ધરાવતા જળાશયોમાં સરકાર દ્વારા વ્યક્તિગત મત્સ્ય ખેડૂતો અને તેમની મત્સ્યોધોગ સહકારી મંડળીઓને કેજ કલ્ચરની પ્રવૃતિ માટે ઉકાઈ, મધુબન, ધરોઈ, પાનમ, કડાણા તથા કરજણ તેમજ અન્ય મોટા

જળાશય માટે અંદાજીત કુલ ૫૦૦૦ કેજ મંજૂર કરવામાં આવેલ છે. જળશયોમાં કરવામા આવતા કેજ કલ્ચરમાં વપરાતી જાળ દર સિઝનમાં કેજ કલ્ચરની પ્રવૃતિ કરતા ઇસમોએ ખરીદી કરવાની હોય છે. વ્યક્તિગત મત્સ્ય ખેડૂતો અને તેમની મત્સ્યોધોગ મંડળીઓ દ્વારા કેજમાં મત્સ્યપાલનની કામગીરીમાં પ્રથમ વખત આ ટેકનોલોજીથી મત્સ્યપાલન કરવા પ્રયાસ કરતા હોય અનુભવના અભાવે સફળ થઈ શકતા નથી જેના કારણોસર આ લાભાર્થી દ્વારા કરવામાં આવેલ રોકાણમાં નુકસાની જાય છે અને બીજા વર્ષે નાણાંના અભાવે કેજની કામગીરી બંધ કરી દે છે અથવા તો ઓછી કરી દે છે. જે કારણોસર આ ટેકનોલોજીથી મત્સ્યપાલનનો વિકાસ થઈ શકતો નથી આવી મંડળીઓ ફડચામાં જતી રહે છે અને વ્યક્તિગત લાભાર્થી પાયમાલ થઈ જાય છે. આંતરદેશીય મત્સ્યોધોગ કેજમાં વપરાતી જાળ ઉપર સહાય લાભાર્થી સધ્ધર થાય તેમજ પગભર થાય સમાજમાં અસમાનતા દૂર થાય તેવી સરકારની નેમ ને સાકાર કરવા સારું કેજ કલ્ચર સ્થાપના કરેલ અરજદાર આત્મનિર્ભર બની આ વ્યવસાય તરફ વળે તે હેતુથી સહાય આપવામાં આવે છે. તે જ પેર્ટન મુજબ કેજમાં વપરાતી જાળ ઉપર સહાય એ એવા લાભાર્થીઓને આપવામાં આવશે કે જેમણે ભારત સરકારની પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના તળે સહાયકી ધોરણે કેજ કલ્ચરની સ્થાપના કરેલ છે અને કલ્ચર દ્વારા મત્સ્યપાલનની પ્રવૃત્તિ કરી રહ્યા છે અને પ્રથમ વખત નિષ્ફળ થયેલ હોય જેમને સરકારી સહાય મળવાથી કેજની કામગીરી આગળના વર્ષે પણ ચાલુ રાખી શકશે. કેજમાંથી ઉત્પાદન મેળવીને કેજમાં વપરાતી જાળ ઉપર સહાય સારી એવી આવક ઉભી કરી શકે પગભર થઈ શકે તથા મચ્છીમારીના વ્યવસાય તરફ વધુમાં વધુ આકર્ષિત થશે તો મત્સ્યોધોગનો વિકાસ પણ થઈ શકશે. ગુજરાત રાજ્યમાં ૨૦૨ જળાશયો, ૧૭૪ મુખ્ય ડેમો તથા વિશાળ આંતરિક જળસંસાધનો ઉપલબ્ધ હોવાથી કેજ આધારિત માછીમારી માટે વિપુલ સંભાવનાઓ ઉપલબ્ધ છે. છેલ્લા દાયકામાં રાજ્ય મત્સ્યોધોગ વિભાગે આંતરિક માછીમારોના રોજગાર અને માછલી ઉત્પાદન વધારવા માટે કેજ કલ્ચર પદ્ધતિને પ્રોત્સાહન આપ્યું છે. ઉકાઈ, કરજણ, દાંતીવાડા જેવા જળાશયો પર સ્થાપિત અનેક કેજ એકમોમાં નીચી ગુણવત્તાના અથવા જુના કેજ નેટના કારણે નીચે મુજબની સમસ્યાઓ જોવા મળે છે:

- માછલીઓ ભાગી જવાની શક્યતા વધુ,
- નેટમાં ફાઉલિંગ અને ક્લોગિંગની સમસ્યા,

- પાણીના પ્રવાહ અને ઓક્સિજન પુરવઠામાં ઘટાડો,
- જાળવણી ખર્ચમાં વધારો.

કેજ કલ્ચર પ્રવૃત્તિઓને ટકાવી રાખવા તથા વિસ્તૃત કરવા માટે ઉચ્ચ ગુણવત્તાવાળા નેટનો સમયસર પુરવઠો જરૂરી છે. જે ગુજરાત સરકારની માછીમારી વિકાસ યોજનાઓને મજબૂત બનાવશે. આ હેતુથી આ યોજનાને અમલમાં લાવવાનું આયોજન રાજ્ય સરકારે કરેલ છે.

ઉપર વંચાણે લીધેલ ક્રમ - (૧) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્રથી "આંતરદેશીય મત્સ્યોદ્યોગ કેજમાં વપરાતી જાળ ઉપર સહાય”ની યોજના હેઠળ કુલ રૂ.૪.૫૦/- કરોડની બજેટ જોગવાઈની સૈધ્ધાંતિક મંજૂરી મેળવવા માટે કચેરીએ દરખાસ્ત કરેલ હતી જેને નાણાં વિભાગે કુલ રૂ.૪.૫૦/- કરોડની સૈધ્ધાંતિક મંજૂરી આપેલ હતી.

ઉપર વંચાણે લીધેલ ક્રમ - (૨) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્રથી ઉક્ત નવી બાબતને કુલ રૂ.૪.૫૦/- કરોડની વહીવટી મંજૂરી આપવા માટે કચેરીએ દરખાસ્ત કરેલ હતી જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, રાજય સરકાર દ્વારા મત્સ્યોદ્યોગ પ્રભાગ હેઠળ રાજ્યમાં "આંતરદેશીય મત્સ્યોદ્યોગ કેજમાં વપરાતી જાળ ઉપર સહાય” ની નવી બાબત માટે નીચે મુજબની શરતો ઠરાવવાનું નક્કી કરવામાં આવે છે.

**શરતો:-**

૧. રાજ્યમાં આવેલ જળાશયોમાં કેજ કલ્ચર કરતા વ્યક્તિગત લાભાર્થી/સહકારી મંડળી/સહકારી મંડલીઓનો સંઘ/ એફ.એફ.પી.ઓ. વગેરે સંસ્થાઓના અરજદાર લાભાર્થી અરજી કરી શકશે.

૨. અરજદારને સહાય મળયા બાદ  દર બે વર્ષ બાદ ફરીથી મળવાપાત્ર રહેશે.

૩. અરજદાર દ્વારા સહાય અંગેની અરજી સરકારશ્રીના ઓનલાઈન  આઈ. ખેડૂત પોર્ટલ મારફત અરજી કરવાની રહેશે.

૪. અરજી અંગેની પાત્રતા અને પૂર્વમંજુરી સંબધિત જીલ્લાના જીલ્લા કચેરી દ્વારા આપવાની રહેશે.

૫. અરજદાર દ્વારા પૂર્વમંજુરી મળ્યા બાદ જ ઘટક હેઠળની ખરીદીની કામગીરી શરૂ કરવાની રહેશે.

૬. અરજદાર દ્વારા નેટ ખરીદીની કામગીરી પુર્ણ થયા બાદ સબસીડી અંગેનો કલેમ આઈ. ખેડૂત પોર્ટલ પર નિયત કરવામાં આવેલ દસ્તાવેજો અને Geo-tagging ફોટોગ્રાફ સાથે રજુ કરવાનો રહેશે.

૭. જીલ્લા અધિકારી દ્વારા ક્લેમ વેરીફીકેશન માટે સ્થળ વિઝિટ કરી, ખરીદી કામગીરી પુર્ણ કર્યાનુ રોજકામ અને કલેમ વેરીફિકેશન ફોટોગ્રાફ આઈ.ખેડૂત પોર્ટલ પર અપલોડ કરવાના રહેશે.

૮. નાણાકીય સહાય મંજુરી કરવાની સંપુર્ણ સત્તા વિભાગીય વડાની રહેશે.

૯. સરકારશ્રી દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી સુચનાઓ અને ગાઈડલાઈનનુ પાલન ચુસ્તપણે કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે કરવાનો રહેશે.

માંગણી નંબર:-  ૦૬

સેકટર:-   (ગ) આર્થિક સેવાઓ

સબ-સેકટર:-   (ક) કૃષિ સંલગ્ન પ્રવુતિઓ

મુખ્ય સદર:-   ૨૪૦૫ - મત્સ્યોદ્યોગ

ગૌણ સદર:-    ૧૦૧- આંતરદેશીય મત્સ્યોદ્યોગ

પેટા સદર:- (૦૨), એફ.એસ.એચ-૨, મત્સ્યબીજ ઉત્પાદન અને મત્સ્યોદ્યોગના સાધનો વધારવા

ઘટક:- કેજમાં વપરાતી જાળ ઉપર સહાય

આ હુકમો આ વિભાગની સમાનાંકી ઈ- ફાઈલ પર અ.મુ.સચિવશ્રી(નાણાં) અને સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

(ક્રિનલ જાની)

સેકશન અધિકારી

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

**પ્રતિ ,**

(૧) માન. મંત્રીશ્રી, મત્સ્યોદ્યોગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી, મત્સ્યોદ્યોગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી, (મત્સ્યોદ્યોગ)ના રહસ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) મત્સ્યોદ્યોગ કમિશનરશ્રી, મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરી , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૫) નાણાં સલાહકારશ્રી, (કૃષિ ) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર

વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૬) ઉપ મહાલેખાકારશ્રી(ઈએસ-૧) એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ(ઇ એન્ડ એસ ઓડીટ) ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ.

(૭) એકાઉન્ટટ જનરલશ્રીની કચેરી, રાજકોટ.

(૮) બજેટ શાખા/આયોજન શાખા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૯) નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦)પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૧) I T શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની સાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.

(૧૨) સીલેકટ ફાઇલ.

Signature Not Verified

Signed by:Krunal V Jani
Section Officer
Date:2026.04.01
17:03:41 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign